જન્મદિને વધામણી

કનુભાઈ આઈ દવે
મો. ૯૭૨૩૫ ૪૨૦૪૦

હિમાશી
વિજયભાઈ ચૌધરી
મો. ૭૪૮૫૯ ૮૫૦૭૦

આનલ
મનીષકુમાર મકવાણા
ફોન : ૨૩૨૪૯૪૯૦

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

નવીન ભારતના નિર્માણનો આધાર યુવાશક્તિ પર

એબીવીપી દ્વારા અડાલજ ખાતે આયોજીત રાષ્ટ્રીય કક્ષાના ફાર્મા વિઝન- ૨૦૧૭ના સેમિનારને મુખ્યમંત્રીના હસ્તે ખુલ્લો મુકાયો

ગાંધીનગર, તા. ૧૦

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ યુવાશક્તિના સામર્થ્યથી નયા ભારતનું નિર્માણ કરવામાં પ્રધાનમંત્રીના સ્વપ્નાને પાર પાડવા યુવા શક્તિ રાષ્ટ્રભક્તિ-રાષ્ટ્રહિતથી અગ્રેસર રહે તેવું પ્રેરક આહવાન કર્યું છે.

છાત્ર શક્તિ, રાષ્ટ્ર શક્તિ કહેવાય છે. નવીન ભારતનું નિર્માણ કરવાનો આધાર યુવા શક્તિ પર રહેલો છે, તેવું આજરોજ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ગાંધીનગર ખાતે આયોજીત રાષ્ટ્રીય કક્ષાના ફાર્મા વિઝન-૨૦૧૭ના સેમિનારને ખુલ્લો મૂકતાં જણાવ્યું હતું.

ગાંધીનગર-સરખેજ હાઈ-વે પરની અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી ખાતે તેમણે ફાર્મા સમૂદાયના સ્નાતક, અનુસ્નાતક અભ્યાસકમોના વિદ્યાર્થીઓને વિચારીક આદાન-પ્રદાનની તક પુરી પાડતાં આઠમા ફાર્મા વિઝનનું ઉદઘાટન કર્યું હતું.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, આજે દેશમાં ૧૮થી ૪૦ વર્ષની વયના યુવાનોની જનસંખ્યા દેશની જન સંખ્યાના ૬૦ટકા છે. જે ખરા અર્થમાં દેશની તાકાત છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની નવભારતના નિર્માણ સંકલ્પમાં તે શક્તિ બનશે, તેવો પણ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

વડાપ્રધાને સ્ટાર્ટઅપ માટે ઘણા આયામો ખુલ્લા મુક્યાં છે, તેવું જણાવી જણાવ્યું હતું કે, દેશમાં સૌ પ્રથમ સ્ટાર્ટઅપ પોલીસી ઘડનાર રાજય ગુજરાત છે. તેમજ સ્ટાર્ટ અપ ઈન્ડિયાને વધુ ગતિમાન કરવા માટે રાજય સરકાર દ્વારા દેશમાં સૌથી પહેલી સ્વર્ણિમ સ્ટાર્ટ અપ એન્ડ ઈન્વોશન યુનિવર્સીટીનો આરંભ કર્યો છે.

દેશના યુવાનો પાસે ઘણા ઈનોવેટીવ આઈડિયા છે, તેને સાર્થક કરવા સક્ષમ છે, તેવા યુવાનો વિદેશની ધરતી પર જઈ પોતાનું સંશોધન કરી રહ્યાં છે. તેવા યુવાધનને દેશની ધરા પર જ ઉજ્જવળ તકો મળે અને રાષ્ટ્રને કંઈક નવું અર્પણ કરે તે માટે સરકાર તમામ સહયોગ આપવા માટે કટિબદ્ધ છે.

રાજય સરકાર પારદર્શિ, નિર્ણાયક, સંવેદનશીલ અને વિકાસશીલ સરકારના ચાર આધારસ્તંભ પર કામ કરી રહી છે, તેવું કહી આજે રાજયમાં ઉદ્યોગનો આરંભ કરવો સરળ છે, તેવું લોકો માનવા લાગ્યા છે. જેમાં રાજય દેશમાં પ્રથમ છે. ગુજરાતીઓના લોહીમાં વેપાર કરવાની આવડત ખૂબ જ છે. આજે ગુજરાતમાં મધ્યમ અને નાના ઉદ્યોગકારોને પ્રોત્સાહિત કરવા માટે બજેટમાં એક હજાર કરોડની ફાળવણી કરવામાં આવી છે. તેમણે ગુજરાતને બાયો ટેકનોલોજી ક્ષેત્રનું હબ બનાવવા માટે આ સેમિનારમાં ખુબ ચિંતન કરવા યુવાનોને અપીલ કરી હતી.

હું પણ એબીવીપી સંગઠનનો કાર્યકર હતો, તેવું કહી મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, એબીવીપી રાષ્ટ્રવાદી સંગઠન છે. ભારતીય જનતા પાર્ટીમાં વ્યક્તિથી વધુ દળ અને દળ થી વધુ રાષ્ટ્ર. રાષ્ટ્રહિત પ્રધાન્ય આપવાની વિચારધારા ધરાવતો પક્ષ છે. તે જ રીતે રાષ્ટ્રના હિતમાં કોઈ પણ બાંધ છોડ નહિ, તેવા ઉમદા સંસ્કાર એબીવીપીના સંગઠન દ્વારા ઉજાગર કરવામાં આવી રહ્યાં છે.

આ પ્રસંગે એબીવીપીના રાષ્ટ્રીય ઉપપ્રમુખ સી.એન. પટેલે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ ગુજરાત પ્રદેશના એબીવીપીના મંત્રી નરેશભાઈ દેસાઈએ કરી હતી.

આ સેમિનારમાં ગુજરાત સહિત આઠ રાજયના ૧૪૦૦થી વધુ યુવાનોએ બે દિવસીય ફાર્મા વિઝન-૨૦૧૭ના સેમિનારમાં ભાગ લીધો છે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા સર્વ નેતૃત્વ તાલીમ શિબિર

કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સર્વ નેતૃત્વ ગૃપની ૨૮મી નિવાસી તાલીમ શિબિરમાં ૧૪ કોલેજોના ૬૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ શિબિરમાં મેનેજમેન્ટ ટ્રેનર સુરેશ પટેલ ઉપરાંત રોડ સેફટી માટે અમિત ખત્રી તથા યોગ માટે જે.સી. પટેલે તાલીમ આપી હતી. સમાપન પ્રસંગે આત્મન ફાઉન્ડેશનના પ્રજ્ઞાબેન પટેલે વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

સરકારી પ્રાથમિક શાળા સે-૨૯/૧ ગાંધીનગર ખાતે તા. ૪-૯-૨૦૧૭ના રોજ રોટરી કલબના ઉપક્રમે 'સ્વચ્છતા પખવાડિયા'ની ઉજવણી અંતર્ગત શીઘ્ર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રોટલી કલબના પ્રેસિડેન્ટ બી.કે. ચાવડા, યુવરાજસિંહ વાઘેલા (પ્રોજેકટ ચેરમેન) તથા જયશ્રીબેન ખેતિયા ઉપસ્થિત રહ્યા હતા તેમાં પ્રથમ, દ્વિતિય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ ક્રમે બેલીમ સાનિયા, દ્વિતિય ક્રમે પઠાણ રૂબિના તથા તૃતીય ક્રમે મનસુરી સીફાએ ઈનામ પ્રાપ્ત કર્યા હતા. આ પ્રસંગે સ્વચ્છતા અંગે બી.કે. ચાવડા, યુવરાજસિંહ તથા શાળાના મીનાક્ષીબેન જોષી દ્વારા પ્રેરણાત્મક ઉદબોધન પણ કરવામાં આવ્યું હતું.

દરેક જાગૃત નાગરિકે આ પુસ્તક વાંચવું રહયું

એક ચોકાવનારું વિધાન કરું છું. દિલની દષ્ટિથી વાંચશો? મને ખાતરી થઈ ગઈ છે કે મોડાસાના ડૉ. સંતોષ દેવકર એક પાગલ શિક્ષક છે. તળપદી ભાષામાં "ગાંડા" ! "ગાંડા"ના કોઈ ગામ હોતા નથી. આંગળીના વેઢે ગણાય એટલા પાગલ શિક્ષકો હોય છે. તેમાંના તે એક છે.

વાહ ! પણ તેથી તેમનું શિક્ષકત્વ દીપી ઉઠયું છે. કારણ કૈંક જૂદું જ છે. મિત્રો આ પાગલપણું ! એ તો માણસાઈ નું ઘરેણું છે, અનોખાપણું છે. તેમના વડિલોના કેટલા આશીર્વાદ હશે ?... કેટકેટલાં પુણ્યોનો સંચય હશે ? તો જ આ પાગલપણું જિંદગીમાં પ્રાપ્ત થયું હશેને ? તેઓ હંમેશા શિક્ષણની સાથે સંસ્કારની વાતો કરે છે. શિસ્તની સાથે વિનયની વાતો કરે છે. રાષ્ટ્રની સાથે રાષ્ટ્રીય ચારિત્ર્યની વાતો કરે છે. બાળકોને ભયમુકત અને સ્પર્ધામુકત રહેવાની વાતો કરે છે. તેમની વાતોમાં વજુદ ચમકે છે.

સામાજિક પરીવર્તનને તેઓ બારીકાઈથી નીરખે છે. કેળવણીના સંદર્ભમાં મૂલ્યાંકન કરે છે ને બસ સીધું ને સટ લક્ષ્ય તાકે છે "કેળવણીની કલા." બાળકોને કંઈ શીખવી નાખવાનો કે ભણાવી કાઢવાનો ડોળ કરતા તેમને જોયા નથી. પણ બાળકો જાતે જ શીખે તે માટે મથામણ કરે છે ને શિક્ષકો પાસે કરાવે છે. ને અપ ડેટ રહે છે. આવી પ્રેમાળ ધગશ ને કારણે જ કકકો ને બારાખડી ભણાવતો પ્રાથમિક શિક્ષક દેવકર આજે ટૂંકાગાળામાં શિક્ષણની ડૉકટરેટ ડિગ્રી મેળવી ડી.એલ.એડ. કોલેજના પ્રિન્સીપાલ પદે પહોંચ્યા છે. ગુજરાતના દૈનિક સમાચાર પત્રોમાં નિયમિત કેળવણી વિષયક લેખો લખતા સિધ્ધહસ્ત કટારલેખક "ડૉ. સંતોષ દેવકર" બન્યા છે. તેમના લેખો વાચકને હૃદય સોંસરવા ઉતરી જાય છે. વાચકને વિચારતો કરી મૂકે છે. તેમનો અભિગમ હંમેશા રચનાત્મક અને કલાત્મક રહયો છે. તેથી નાટ્ય, સંગીત અને સાહિત્યના કાર્યક્રમોમાં ઉલટભેર ભાગ લઈ આયોજનો કરતાં રહે છે.

ઈર્ષ્યા આવે તેવું તેમનું નસીબ ઝળહળે છે. કારણ કે જયારે જુઓ ત્યારે તેમની આજુ બાજુ વિદ્યાર્થીઓ ઘેરાઈવળેલા હોય છે. તેમની સમક્ષ વિદ્યાર્થીઓ વિના સંકોચે પોતાની મૂશ્કેલીઓ રજૂ કરતા હોય છે. પોતાના સંસારમાં સ્થિર થયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ વિનમ્રતાથી આ કર્મઠ શિક્ષક પાસે દોડી આવે છે ને અઢળક મમતા મેળવે છે.

અરવલ્લીની ગિરીકંદરાઓના નાનકડા શહેર મોડાસામાં ડૉ. સંતોષ દેવકર શિક્ષણની ધૂણી ધખાવી બેઠા છે. શિક્ષણ જગતના ઉતરી ગયેલા ધર્મરથ ને પાટે ચઢાવવા સતત મથ્યા કરે છે. મઝાની વાત એ છે કે આટલુ બધુ કરવા છતાં પણ તેઓ હંમેશાં પ્રસન્નચિત્ત રહે છે. પોતાની જાતને આદર્શ વિદ્યાર્થી ગણે છે.

સરવાળે મોડાસા શહેરને તેમનું આ પાગલપણું ફળ્યું છે. અહીંનું કોલેજ કેળવણી મંડળ ચતુર અને દીર્ઘદેષ્ટા છે. ડૉ. દેવકરને પ્રયોગો કરવા, વાંચવા, વિચારવા, લખવા વિ. તમામ કાર્યો માટે સમય અને સગવડતા આપે છે. શિક્ષણને લગતાં સત્કાર્યો માટે હંમેશા હકારાત્મક અભિગમ દાખવે છે. વળી ઘરના મોભીની જેમ તેમની વ્યકિતગત અને કૌટુમ્બિક મૂંઝવણ પ્રસંગે પડખે રહી મદદ કરે છે. જીવંત શિક્ષક હંમેશાં સૌના પ્રીતિપાત્ર હોય તે આનું નામ.

ડૉ. ઝાકીર હુસેનની ફિલોસોફી તેમણે પચાવી છે. તેમનું દૃઢપણે માનવું છે કે શિક્ષણમાં રાજકારણ પ્રવેશે તે ઠીક નથી. રાજકારણમાં શિક્ષણ પ્રવેશવું જોઈએ. ભૂલોથી ગભરાવાની કે નાસીપાસ થવાની જરૂર નથી. હકારાત્મક દૃષ્ટિકોણ કેળવવો, દરેક ભૂલ નવું શીખવાની તક આપે છે. આપણા પ્રયત્નોમાં શિક્ષણની ગુણવત્તા અને સામાજિક જવાબદારી હોવી જોઈએ.

તેમનું તાજેતરમાં પ્રકાશિત થયેલું રૂપકડું, નાનકડુ પુસ્તક 'શિક્ષક અને કેળવણી' (પ્રકાશક : નવભારત સાહિત્ય મંદિર , કિંમત : ૨૦૦/ રૂા.,પ્રથમ આવૃત્તિ - ૨૦૧૭)ખરેખર ઝગમગતો તણખો છે. ગાગરમાં સાગર ભરેલો છે. કોઈપણ શિક્ષણપ્રેમી સજજનને એકી બેઠકે વાંચી જવાની તાલાવેલી જગાવે તેઓ આશીર્વાદ હશે ?... કેટકેટલાં પુણ્યોનો સંચય હશે ? તો જ આ પાગલપણું જિંદગીમાં પ્રાપ્ત થયું હશેને ? તેઓ હંમેશા શિક્ષણની સાથે સંસ્કારની વાતો કરે છે. શિસ્તની સાથે વિનયની વાતો કરે છે. રાષ્ટ્રની સાથે રાષ્ટ્રીય ચારિત્ર્યની વાતો કરે છે. બાળકોને ભયમુકત અને સ્પર્ધામુકત રહેવાની વાતો કરે છે. તેમની વાતોમાં વજુદ ચમકે છે.

સંચય છે. વ્યકિતને વિચારવા મજબૂર કરે તેવો છે. લખાણ પ્રવાહી, સરળ અને ચુસ્ત છે. તેમાં કોઈ ભારેખમ અપાચ્ય ફીલોસોફી નું વજન નથી. પણ પ્રમાણિક પ્રયત્નો જોઈ દિશા સાથે હળવાશ અનુભવી શકાય છે. દેશ-પરદેશના કેળવણીકારોના વિચારોની, પ્રયોગોની જીવન વ્યવહારની વાતો તેમણે પચાવી છે. પછી પોતીકા અભ્યાસ, પોતીકા નિરીક્ષણ ને પોતીકી ફિલોસોફી એ આ પુસ્તકમાં આકાર ધારણ કર્યો છે. તેથી નિષ્કર્ષ અભિવ્યકિતક્ષમને સાદગીથી સુશોભિત બન્યો છે. ગુંથણીની સરળતાથી પોત પ્રકાશ્યું છે. કુશળ કટારલેખકની આજ તો કળા છે ને ? દરેક જાગૃત નાગરિકે આ પુસ્તક વાંચવું રહયું. વિચારવું રહયું ને સમયે સમયે નજર નાખવા હાથવગું પણ રાખવું રહયું. તો જ આ સદીના ડીઝીટલ યુગ સાથે તાલ મીલાવી શકાશે.

- અરવિંદ એમ. પંડયા
નાટ્ય લેખક-દિગ્દર્શક,
હિંમતનગર

ધી તલોદ કેળવણી મંડળ આયોજિત વિજયપદ્મ વકતૃત્ત્વ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

ધી તલોદ કેળવણી મંડળ દ્વારા ગીતાંજલી ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તાલુકાના પ્રાથમિક વિભાગ માટે સ્વ. શાંતુભાઈ ચુનીભાઈ પટેલ વકતૃત્ત્વ સ્પર્ધા અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે સ્વ. અંબુભાઈ દેસાઈભાઈ પટેલ વકતૃત્ત્વ સ્પર્ધા યોજવામાં આવી છે.

પ્રાથમિક વિભાગનાં બાળકો માટે વિષય 'શિક્ષણમાં ટયુશનપ્રથા : દૂષણ કે ભૂષણ ?' અને માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે 'રાજકારણમાં શૈક્ષણિક લાયકાત : જરૂરી કે બિનજરૂરી ?' નિયત કરવામાં આવ્યો છે. વિષયની તરફેણમાં કે વિરુદ્ધમાં સ્પર્ધક વકતવ્ય આપી શકશે. પ્રથમ વિજેતા સ્પર્ધકને સુવર્ણ ચંદ્રક અને રૂપિયા પચીસ હજાર રોકડા ઈનામ સ્વરૂપે આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે બંને સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓમાં અભિવ્યક્તિની કળા ખીલે અને તેમનો આત્મવિશ્વાસ વધે તે હેતુસર પ્રતિવર્ષ આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે, જેમાં તાલુકાના વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લે છે.

આ વખતે શરદ ઋતુમાં અખંડ નવરાત્રિનો યોગ

ગાંધીનગર, તા. ૧૦

તા. ૨૧ સપ્ટેમ્બરથી શારદીય નવરાત્રિનો પ્રારંભ થઈ રહ્યો છે. આ વર્ષે અખંડ શારદીય નવરાત્રિ આવી છે એટલે કે વૃદ્ધિ તિથિ કે ભાગી તિથિ વગરની નવરાત્રિ આવી રહી છે. તેમાં પણ સવારે ૭.૫૦ પૂર્વે ઘટ સ્થાપન, જવારારોપણ અને અખંડ જ્યોતની સ્થાપના માટે ઉત્તમ દિવસ છે. જ્યોતિષીઓ જણાવે છે કે આસો સુદ એકમ, ગુરુવારના રોજ શાસ્ત્રોક્ત મત અનુસાર આ દિવસે ઘટ સ્થાપન, જવારારોપણ અને અખંડ જ્યોતની સ્થાપના કરવામાં આવતી હોય છે, પરંતુ આ વર્ષે પ્રથમ નોરતે, એટલે કે બેસતા મહિને વૈધૃતિ મહાપાત છે. જે સવારે ૭.૫૦થી ૧૩.૦૫ સુધી રહે છે. માટે આ સમયગાળા દરમિયાન કોઈ માંગલિક કાર્ય થઈ ન શકે. બીજી તરફ આસો સુદ એકમ, ૧૦.૩૬ સુધી જ રહે છે અને પછી બીજનો પ્રારંભ થાય છે. આ સ્થિતિમાં આસો સુદ એકમ, ગુરુવાર તા. ૨૧મી સપ્ટેમ્બરના રોજ સવારે ૭.૫૦ પહેલાં અખંડ જ્યોતની સ્થાપના, જવારારોપણ, ઘટ સ્થાપન કરવું ઉત્તમ બની રહેશે.

જ્યારે વિક્રમ સંવત-૨૦૭૩ની શારદીય નવરાત્રિની વિશેષતા એ પણ રહે છે કે, આ નવરાત્રિ અખંડ છે. તેમાં વૃદ્ધિ તિથિ પણ નથી અને ભાગી તિથિ પણ નથી આવતી. ગત બે વર્ષમાં એટલે કે વિક્રમ સંવત-૨૦૭૨ અને વિક્રમ સંવત-૨૦૭૧માં વૃદ્ધિ તિથિ આવતી હતી. જ્યારે વિક્રમ સંવત-૨૦૭૪ની શારદીય નવરાત્રિમાં ભાગી તિથિ આવે છે. એટલે કે વિક્રમ સંવત-૨૦૭૩ની શારદીય નવરાત્રિ અખંડ બની રહે છે. તેમાં એક પણ નોરતું ઘટતું નથી અને વધતું પણ નથી. આ નવરાત્રિની બીજી એક વિશેષતા એ પણ છે કે નવરાત્રિની પૂર્ણાહુતિ માતાજીના વાર, શુક્રવારના રોજ થઈ રહી છે. નવમી તિથિ શુક્રવારે જ છે. અનેક શ્રદ્ધાળુઓ આ દિવસે ચંડીપાઠ, નવચંડી સહિતનાં આયોજન પણ કરતાં હોય છે.

આ નવરાત્રિ નવ દિવસીય અખંડ હોવાથી અખંડ જ્યોતની સ્થાપના કરવી પણ ઉત્તમ બની રહેશે. સાથે જ ઘરમાં ચંડીપાઠ કરાવવાથી પણ ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે. વેપાર સ્થાને કરાવવાથી અથવા અખંડ જ્યોત રાખવાથી ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે. આ દિવસો દરમિયાન માત્ર નવચંડી જ નહીં, શતચંડી અને સરસ્વતી યજ્ઞનું પણ ખાસ મહત્ત્વ છે અને તેનાં પણ અતિવિશિષ્ટ લાભ પ્રાપ્ત થતાં હોય છે.

મારા હાથે ક્યારેય અનૈતિક કામ નહીં થાય

આજે અગિયારમી સપ્ટેમ્બર, સોમવાર, ભાદરવા વદ છઠ.

ૐ ઈશા વાસ્યમિદં સર્વં યત્કિન્ચ જગત્યાં જગત્ ।
તેન ત્યક્તેન ભુન્જિથા મા ગૃધઃ કસ્યસ્વિદ્ધનમ્ ॥
ચરાચર જગત જે કૈં છે આ, ઈશ્વર તેમાં વ્યાપક છે;
ત્યાગભાવથી ભોગવ તેને, તેમાં ના આસક્ત થજે

અર્થઃ સમસ્ત જગતમાં જે કાંઇ પણ જડ ચેતનાત્મક જગત છે ,આ સઘળું ઈશ્વરથી વ્યાપ્ત છે એ ઈશ્વરને સાથે રાખીને ત્યાગપૂર્વક, ત્યાગભાવે આને ભોગવતાં રહો આમાં આસક્તિ ના કરો કેમ કે ધન અથવા ભોગ્ય પદાર્થ કોનો છે, અર્થાત્ કોઈનો પણ નથી



ઓમ તત્ સત શ્રી નારાયણ તુ પુરષોતમ ગુરુ તુ સર્વધર્મ સમભાવ પ્રાર્થના ના રચયિતા અને ઇ.સ. ૧૯૪૦ માં વ્યક્તિગત સત્યાગ્રહમાં બાપુએ પ્રથમ સત્યાગ્રહીની પસંદગીનો કળશ વિનોબાજી પર ઢોળ્યો હતો તેવા વિનોબાજીનો જન્મ ૧૮૯૫ સપ્ટેમ્બરની ૧૧મીએ મહારાષ્ટના કોંકણના રાયગઢ જિલ્લાના ગાગોદે ગામે—પિતા નરહરિ ભાવે અને માતા રુક્મણી દેવીનો તેમના ઘડતરમાં મહત્વનો ફાળો રહ્યો. ત્રણેય ત્રણ ભાઈ વિનોબાજી,શિવાજી અને બાલકોબાજી એ આજીવન બ્રહ્મચર્ય પાળ્યુ. વિનોબાજીએ ૧૦ વર્ષની વયે જ બ્રહ્મચર્યનો સંકલ્પ કરેલો. ઈ.સ. ૧૯૧૬ માર્ચની ૨૫મીએ મુંબઈ પરીક્ષા આપવા જતા સુરત સ્ટેશને મિત્ર સાથે ઉતરી પડ્યા . પિતાજીને પત્ર ટૂંકો પણ જાણે તામ્રપત્ર ! હું પરીક્ષા આપવા મુંબઈ જવાને બદલે બીજે જાઉં છું, આપ વિશ્વાસ રાખજો હું ક્યાય પણ જાઉં મારા હાથે ક્યારેય અનૈતિક કામ નઈ થાય. બંગાલની ક્રાંતિ અને હિમાલયની શાંતિ બેઉની તીવ્રતા મનમાં પડેલી. પૂજ્ય બાપુના બનારસના પ્રવચન બાદ મનોમંથન થોડીક જિજ્ઞાસાઓ પત્ર દ્વારા બાપુને મોકલી. બાપુનો જવાબ "આશ્રમમાં આવો, સમાધાન વાતોથી નહિ જીવનથી થશે." ઈ.સ.૧૯૧૬માં બાપુ સાથેની પ્રથમ વાર્તાલાપે અને જીવન રીતિ એ વિનોબાને હિમાલયની શાંતિ અને બંગાલની ક્રાંતિ મળી. પૂજય બાપુના સાનિધ્યમાં રહી શિક્ષણ ,અધ્યયન , ધ્યાન , ચિંતન અને અવલોકન એ બધા કામો કરતા. કર્તવ્યના નાતે ઝંડા સત્યાગ્રહ , વ્યક્તિગત સત્યાગ્રહ , ૧૯૪૨નું આંદોલન માં ભાગ લીધો , જેલો ભોગવી. સ્વાસ્થ્ય માટે દસ બાર માઈલ ચાલવુ , છથી આઠ કલાક અનાજ દળવું, ત્રણસો સૂર્યનમસ્કાર કરવા — આમ કરી શરીર સરસ કર્યું. વિનોબાએ કાંતણ — ખાદીકામ , આહારના પ્રયોગો, કાંચનમુક્તિના પ્રયોગો અને ઋષિખેતીના સફળ પ્રયોગો કર્યા. વિનોબાજી આજીવન વિધાર્થી રહ્યા. જ્ઞાનદેવ ,નામદેવ, એકનાથ , તુકારામ અને રામદાસ આ બધાના હજારો પદ્ય કંઠે કર્યા . ૫૧ વર્ષ સુધી વેદનું અધ્યન કર્યું. ૫૦ હજાર પુસ્તકો વાંચ્યા, ૫૦ હજાર શ્રલોકો , પદો તો કંઠસ્થ , ઉપનિષદ, ગીતા, બ્રહ્મસૂત્ર, શાંકરભાષ્ય ,મનુસ્મૃતિ પાતાંજલ યોગદર્શન , આ ગ્રંથોનો અભ્યાસ કર્યો. તેઓ તેર ભાષાઓ લખી , વાંચી અને બોલી શકતા હતા. હજારો માઈલની પદયાત્રા દ્વારા દેશવાસીઓ પાસેથી ૨૩ લાખ એકર જમીન દાનમાં મેળવી ભૂમિવિહીન લોકોને જમીન અપાવી. ગીતા પ્રવચનો , ગીતાઈ ચિંતનિકા , જ્ઞાનદેવ ચિંતનિકા, ઉપનિષદોનું અધ્યન , વેદ વિદંત , ઈશાવાસ્ય ઉપનિષદ , સ્થિતપ્રજ્ઞ દર્શન, ભાગવત , કુરાન, બાઈબલ સાર, સામ્યસૂત્રો ,ધમ્મપદ, સમ્મનસૂત્ર, ગુરુબોધ, તુકારામના ભજનો,વિનયાંજલિ જેવા ગ્રંથોની રચના કરી. વિશ્વશાંતિ માટે ઈ.સ. ૧૯૫૭માં જય જગતનું સૂત્ર આપ્યું, શાંતિસેનાની સ્થાપના કરી . ઈ.સ. ૧૯૭૪ની ૨૫ ડિસેમ્બરથી ૧૯૭૫ની ૨૫ ડિસેમ્બર સુધી મૌન રહ્યા. આવા મૂર્તિમંત્ર સંન્યાસીએ ૧૫ નવેમ્બર ૧૯૮૨ ના રોજ સવારે ૯:૩૦ સમાધિ લીધી - મહાવીર નિર્વાણ દિન.

- રમેશ બ્રહ્મભટ્ટ
નિવૃત આચાર્ય, લોકનિકેતન વિનયમંદિર, મલાણા